પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૪ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭, બુધવાર ; મહા વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શશીકલા મહેલને બદલે જેલમાં

## અપ્રમાણ સંપત્તિ કેસમાં દોષિત : સુપ્રીમે ટ્રાયલ કોર્ટના ૪ વર્ષની સજાના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો : કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારવાનો આદેશ

નવી દિલ્હી, તા. ૧૪

સમગ્ર તમિળનાડુને હચમચાવી મુકનાર આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં સુપ્રીમ કોર્ટે આજે આખરે શશીકલાને દોષિત ઠેરવતા તેમના સમર્થકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. સાથે સાથે તેમના મુખ્યપ્રધાન બનવાના સપના પર પાણી ફરી વળ્યુ હતુ. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યા બાદ હવે જેલમાં જવુ પડશે. સુપ્રીમ કોર્ટે શશીકલાને ચાર વર્ષની સજાને યથાવત રાખી છે. સુપ્રીમના ચુકાદાની સાથે જ અન્નાદ્રમુકના મહાસચિવ શશીકલાના રાજકીય ભવિષ્યનો અંત આવી ગયો છે. છેલ્લા કેટલાક દિવસથી પનીરસેલ્વમ સાથે તેમની ખેંચતાણ મુખ્યમંત્રી પદને લઈને ચાલી રહી હતી. કોર્ટે ૧૯ વર્ષ જુના મામલામાં તેમને મુક્ત કરવાના કર્ણાટક હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દઈને આ આદેશ કર્યો હતો. આ મામલામાં સ્વર્ગસ્થ જયલલિતા પણ આરોપી હતા. નીચલી કોર્ટે શશીકલાના બે સંબંધી સુધાકરણ અને ઈલાવારસી સહિત તમામ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. શશીકલા છ મહિનાની સજા ગાળી ચુક્યા છે. હવે જેલમાં સાડા ત્રણ વર્ષની સજા ગાળવી પડશે. સુપ્રીમ કોર્ટે આ મામલામાં સુનાવણી કરતી વેળા ટ્રાયલ કોર્ટના ચાર વર્ષની સજા કરવાના તેના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. તમિળનાડુ સરકારે જયલલિતા, શશીકલા અને અન્ય આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના હાઈકોર્ટના નિર્ણયની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. છેલ્લી સુનાવણી બાદ જુનમાં સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ ગાળા દરમિયાન જયલલિતાનુ નિધન થઈ ગયુ હતુ.



# શશીકલા દ્વારા પાર્ટીમાંથી પનીરસેલ્વમની હકાલપટ્ટી



નવી દિલ્હી,તા. ૧૪

આવકના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં સુપ્રીમ કોર્ટે દોષિત ઠેરવી દીધા બાદ પણ શશીકલાએ હથિયાર મુક્યા ન હતા. બળવાનું રણશિંગુ ફુંકી ચુકેલા કારોબારી મુખ્યમંત્રી પનીરસેલ્વમના હાથમાં સત્તા ન જાય તેવા પ્રયાસ શશીકલા દ્વારા કરવામાં આવ્યા હતા. કોર્ટના આદેશ બાદ ધરપકડની તલવાર હોવા છતાં રિસોર્ટમાં રોકાયેલા ધારાસભ્યોની સાથે શશીકલાએ બેઠક યોજી હતી. બેઠકમાં ભાવિ રણનીતિ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ તરત જ પનીરસેલ્વમની પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી તેમની હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. બીજી બાજુ ઈ પલનિસામીને વિધાનસભા પાર્ટીના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. હવે પલનિસામી રાજ્યમાં સરકાર બનાવવાનો દાવો કરશે. શશીકલાએ ૨૦ નેતાઓને બહારનો રસ્તો બતાવી દીધો હતો. આમા પનીરસોલ્વમ છાવણીના ધારાસભ્યો પણ સામેલ છે. જે નેતાઓના નામ સપાટી ઉપર આવ્યા છે તેમાં સી પોનિયન, પીએચ પંડિયન, એનઆર વિશ્વનાથન, આઈપી મુનુસમી, મંત્રી પંડ્યારાજનનો સમાવેશ થાય છે. પનીરસેલ્વમ છાવણી ઉપર પ્રહાર કરતા લોકસભાના નાયબ અધ્યક્ષ થાંબી દુરાઈએ કહ્યું હતું કે, પનીરસેલ્વમ સરકાર બનાવી શકે નહીં. કારણ કે તેઓ ગદ્દાર તરીકે છે. પલનિસામી નવા લીડર બની ગયા છે. પલનિસામી જયલલિતાના ખુબ જ વિશ્વાસુ તરીકે ગણવામાં આવે છે. તેઓ પશ્ચિમી ક્ષેત્રનો મોટા અન્નાદ્રમુક નેતા તરીકે છે. બાકીના સભ્યો તેમને સાથ આપે છે કે કેમ તે બાબત મહત્વપૂર્ણ રહેશે. મિટિંગમાં શશીકલાના વફાદાર ધારાસભ્યો ઉપરાંત પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા. એમ માનવામાં આવે છે કે, શશીકલા પહેલાથી જ તે પૈકી કોઈને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટીને મુખ્યમંત્રી બનાવવા ઈચ્છુક હતા.

# યુપીમાં આજે બીજા તબક્કાનું મતદાન

લખનૌ,તા. ૧૪

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે સઘન સુરક્ષા વચ્ચે બીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બીજા તબક્કામાં ૭૯૫ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે ૨.૨૮ કરોડ મતદારો ઉત્સુક બનેલા છે. જે પૈકી ૧.૦૪ કરોડ મહિલા મતદારો પણ છે. બીજા તબક્કા માટે ૧૪૭૭૧ પોલિંગ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. જ્યારે પોલિંગ સ્ટેશનોની સંખ્યા ૨૩૬૯૩ આંકવામાં આવી છે. પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ રીતે મતદાનને પાર પાડ્યા બાદ બીજા તબક્કામાં પણ ચૂંટણી પંચે તમામ તૈયારી કરી છે. ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે.ઉત્તરપ્રદેશમાં પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે.ઉત્તરપ્રદેશમાં રાજકીય પક્ષો એકબીજાને પછાડી દેવા માટે તમામ તૈયારી કરી ચુક્યા છે.મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના દિવસે યોજવામાં આવનાર છે.

બીજા તબક્કામાં ૧૧ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. બીજા તબક્કામાં મતદાનને શાંતિપૂર્ણરીતે પાર પાડવા તમામ તૈયારીઓ કરી લેવામાંઆવી છે. બિજનોર જિલ્લાના બુરહાનપુર વિસ્તારમાંથી ૨૨ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે અમરોહા જિલ્લાની ધનોરા સીટ પરથી ૪-૪ ઉમેદવાર મેદાનમાં છે. રામપુરમાંથી આઝમ ખાન, તિહારમાંથી જિતેન પ્રસાદના ભાવિનો ફેંસલો થનાર છે. ડેપ્યુટી ચીફ કમિશનર વિજય દેવે માહિતી આપતા કહ્યું છે કે, પ્રથમ તબક્કામાં ૨૬૦૫૩૯૪૦ મતદારોએ મતાધિકારમાં ભાગ લીધો હતો. જે ૧૧ જિલ્લાઓમાં મતદાન યોજાનાર છે તેમાં સહારનપુર, બિજનોર, મુરાદાબાદ, સંભાલ,

(અનુ. સાતમા પાને)

## ન્યુઝ ટ્રેક

### બસપા ભાજપ સાથે ગઠબંધન નહીં કરે




ઉત્તરપ્રદેશમાં છેલ્લા બે દિવસથી સોશીયલ મીડિયા પર ભાજપ અને બસપાના ગઠબંધન અંગે જાતજાતના મેસેજ વાયરલ થાય છે તેનું ખંડન કરતા બસપાના સુપ્રિમો માયાવતીએ જણાવ્યુ હતુ કે ભાજપ સાથે કોઈ કાળે જોડાણ થયુ નથી અને થશે નહી.

### મોંઘવારી દર ઘટ્યો

જાન્યુઆરી-૨૦૧૭માં રીટેલ પ્રાઈઝ ઈન્ડેક્ષ આધારિત મોંઘવારી ઘટીને ૩.૧૭ રહી હતી. ૨૦૧૨ બાદ ઈન્ડેક્ષનું આ સૌથી નીચુ સ્તર છે.

### જર્મનીમાં ટ્રમ્પ વિરોધી સ્ટેન્મીયર રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા




જર્મનીમાં પૂર્વ વિદેશ મંત્રી રહી ચુકેલા ફ્રેન્ક વાલ્ટર સ્ટેન્મીયર નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેઓ ટ્રમ્પ વિરોધી છાપ ધરાવે છે.

### ડોમેસ્ટીક વિમાની સેવા મોંઘી થશે



ક્રુડ ઓઈલના ભાવવધારાને પગલે દેશમાં હવાઈ યાત્રા મોંઘી થઈ શકે છે. ફ્યુઅલ સરચાર્જ વસુલવાનું શરૂ કરાતા ભાડા વધારાનો નિર્ણય ટૂંક સમયમાં લેવાશે.

### અમિતાભ બચ્ચન દેખાશે રણબીરની 'ડ્રેગન' ફિલ્મમાં



રણબીર કપૂર-આલિયા ભટ્ટ સ્ટારર ફિલ્મ 'ડ્રેગન' માટે બોલીવુડના શહેનાશાહ અમિતાભ બચ્ચનને સાઈન કરવામાં આવ્યા છે. અમિતાભનું પાત્ર ફિલ્મ માટે ખુબ મહત્વનું છે તેમ નિર્દેશક અયાન મુખર્જીએ જણાવ્યું છે.

# પીએસએલવી-સી૩૭ આજે લોંચ કરાશે

બેંગલોર,તા. ૧૪

પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ(પીએસએલવી)-સી ૩૭ લોંચ માટેનુ કાઉન્ટ ડાઉન હાલમાં ચાલી રહ્યુ છે. આવતીકાલે બુધવારે ઈસરો એક સાથે એક જ મિશનમાં ૧૦૪ સેટેલાઈટ લોંચ કરીને ઈતિહાસ સર્જવા માટે તૈયાર છે. ઈસરોની ઐતિહાસિક સિદ્ધી પર તમામ દેશો નજર કેન્દ્રિત કરી ચુક્યા છે. ઈસરો આવતીકાલે એ સિદ્ધી હાંસલ કરી લેશે જે સિદ્ધી પર અમેરિકા સહિતના દેશો પર પહોંચી શક્યા નથી. કોઈ પણ દેશે હજુ સુધી એક જ મિશનમાં ૧૦૦ સેટેલાઈટને લોંચ કરવા માટે હિમ્મત કરી નથી. છેલ્લે ૨૦૧૪માં રશિયાએ સિંગલ લોંચ સાથે ૩૭ સેટેલાઈટ લોંચ કર્યા હતા. જે એક મિશનમાં સૌથી વધારે સેટેલાઈટ લોંચ કરવાનો એક રેકોર્ડ છે. જો તમામ બાબતો યોજના મુજબ આગળ વધશે તો ઈસરો પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલનો ઉપયોગ કરીને ત્રણ ભારતીય સેટેલાઈટ અને ૧૦૧ નાના વિદેશી સેટેલાઈટને લોંચ કરશે. ભારત ટૂંક સમયમાં જ પૃથ્વીના સૌથી નજીકના પડોસી મંગળ અને શુક્ર ગ્રહ પર જવા માટેની તૈયારીમાં છે. ભારતની આ અંતરિક્ષ સંસ્થા અહીં જીવનની શક્યતાઓને લઈને અભ્યાસ કરશે. આ ઉપરાંત ટૂંક સમયમાં જ ભારતની આ અંતરિક્ષ સંસ્થા એક જ મિશનમાં ૧૦૦થી વધારે સેટેલાઈટ લોંચ કરવાના રેકોર્ડ સર્જવાની તૈયારીમાં છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા ઈસરો સેટેલાઈટના ક્ષેત્રમાં રેકોર્ડ સર્જીને આવતીકાલે ૧૦૪ સેટેલાઈટ એક જ મિશનમાં તરતા મુકશે. અંતરિક્ષની દુનિયામાં સક્રિય કોઈપણ દેશે હજુ સુધી આ પ્રકારની સફળતા હાંસલ કરી નથી. અબજો રૂપિયાની અંતરિક્ષની દુનિયામાં ભારતની સ્પેશ એજન્સીને હાલમાં એક નાનકડી એજન્સી તરીકે ગણવામાં આવે છે પરંતુ હાલના વર્ષોમાં ભારતે અંતરિક્ષની દુનિયામાં તમામ દેશોને પાછળ છોડીને પ્રભુત્વ જમાવ્યું છે.



ૐકાર ક્લાસીસ
તલાટી-જુ.ક્લાર્ક
ફ્રી MOCK TEST
તા.૬-૦૨-૨૦૧૭ થી ૧૦-૦૨-૨૦૧૭ સુધી, સમય : ૧૧ થી ૨
નોંધ : ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
Mo. 9879922620, 9909000388

નવી બેચ પ્રવેશ શરૂ
GPSC-1/2
વર્ગ-3 જનરલ બેચ
ક્લાસમેટ એકેડમી
M. 98248 87985
78787 87985
સે-3, ઘ-દોઢ બસ સ્ટેન્ડની બાજુમાં, આંધ્રા બેન્ક પાસે, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




દ્વિતીય પુણ્યતિથિ



સ્વ. ચંદ્રકાંતભાઇ કેશવલાલ સુખડીયા
સ્વર્ગવાસ તા. ૧૫/૨/૨૦૧૫

તમારા સદ્દગુણો અને જીવનમૂલ્યો
અમારા માર્ગ ને
આજે પણ પ્રકાશમય બનાવે છે

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે
એજ પ્રાર્થના

લી. રાધે પરીવાર
એસોસીએટેડ ફર્મ, ગાંધીનગર

રાધે Prem Ni Mithaas